For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મિત્રોને કહ્યું હતું 'હવે હું નહીં આવું' પણ અર્થ કોઇ નહીં સમજી શક્યું

# સુરત સિવિલની હોસ્ટેલમાં રેસિડેન્ટ ડોક્ટરની ફાંસો ખાઈ આત્મહત્યા

**ફરજ** પર ન આવતા ફોન કર્યો તો ફોન બંધ મળ્યો

**દરવાજો** તોડતા લટકતી હાલતમાં મૃતદેહ મળ્યો



સુરત, અમદાવાદઃ નવી સિવિલ હોસ્પિટલના બોયઝ PG હોસ્ટેલના રૂમ નંબર 1005માં રહેતા 30 વર્ષીય રેસિડેન્ટ તબીબે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં જ સિવિલ હોસ્પિટલના તબીબી આલમ અને હોસ્ટેલમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, મૂળ અરવલ્લી જિલ્લાના મોડાસાના વતની ડોક્ટર હર્ષ સુભાષચંદ્ર પંડ્યા (30 વર્ષ) હાલમાં સુરત નવી સિવિલ હોસ્પિટલના બોયઝ PG હોસ્ટેલના રૂમ નંબર 1005માં રહેતા હતા. તેઓ નવી સિવિલ હોસ્પિટલના માઈક્રોબાયોલોજી વિભાગમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા હતા અને રેસિડેન્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવતા હતા. આજે તેઓ ફરજ પર હાજર ન થતાં સિનિયર તબીબે તેમને ફોન કર્યો હતો. જોકે, ફોન બંધ આવતાં સિનિયર તબીબે હોસ્ટેલમાં રહેતા

...અનુસંધાન પાના 5 પર

## કમિટીને 24 કલાકમાં તપાસ પૂર્ણ થયા પછી જ ઘરે જવા પાનસેરિયાની સૂચના

તબીબના આપઘાતની ઘટનાને પગલે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના આદેશથી તપાસ કમિટીની રચના કરવામાં આવી છે. નવી સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ અને ડીનની અધ્યક્ષતામાં રચાયેલી આ કમિટીને સમગ્ર મામલે તપાસ કરી 24 કલાકમાં રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપવામાં આવી છે. આરોગ્ય મંત્રીએ મૃતક ડો. હર્ષ પંડ્યાના પિતા સાથે સીધી વાત કરી સાંત્વના પાઠવી હતી અને સમગ્ર મામલે યોગ્ય તપાસ કરીને ન્યાય અપાવવાની ખાતરી આપી હતી. સમગ્ર

...અનુસંધાન પાના 5 પર

## મોબાઈલ-લેપટોપની FSL તપાસ કરશે

પોલીસે મૃતકનો મોબાઈલ ફોન અને લેપટોપ કબજે કરી તપાસ હાથ ધરી છે. ડો. હર્ષના રૂમને હાલ લોક કરી દેવામાં આવ્યો છે અને સમગ્ર રૂમની તપાસ માટે FSLની ટીમને જાણ કરવામાં આવી છે. FSLની ટીમ દ્વારા રૂમમાં રહેલી વસ્તુઓ તેમજ અન્ય સંભવિત પુરાવાઓની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે. સાથે જ મોબાઈલ ફોન અને લેપટોપની તપાસમાંથી કોઈ મહત્વની

...અનુસંધાન પાના 5 પર

### છ મહિના પહેલાં જ સગાઈ થઈ હતી, ડીસેમ્બરમાં લગ્ન હતાં

ડો. હર્ષની છ મહિના પહેલાં જ સગાઈ થઈ હતી. તેઓ પરિવારમાં એક બહેનના એકમાત્ર ભાઈ હતા. ડો. હર્ષના પિતા અગાઉ મોડાસામાં સરકારી જનરલ સર્જન તરીકે ફરજ બજાવતા હતા અને હાલમાં નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. પરિવાર માટે પુત્રના આકસ્મિક અવસાનથી ભારે આઘાત લાગ્યો છે. ડીસેમ્બરમાં લગ્ન લેવાના હતા.

### શાંત સ્વભાવના ડો. હર્ષ મનની વાત કોઈ સાથે શેર કરતા નહોતા

ડો. હર્ષ પંડ્યાનો સ્વભાવ શરૂઆતથી જ એકાંતપ્રિય અને શાંત હોવાનું પરિવારજનો પાસેથી જાણવા મળ્યું છે. તેઓ પોતાના મનની વાતો કે કોઈ સમસ્યા અન્ય લોકો સાથે સરળતાથી શેર કરતા ન હતા. પરિવારજનો સાથે મળતા સમયે પણ તેઓ મોટાભાગે શાંતિથી બેસી રહેતા હોવાનું જાણવા મળ્યું છે. તેમજ કોલેજના મિત્રો સાથે પણ તેઓ શાંત થઈને બેસી રહેતા હતા અને ખૂબ જ સરળ સ્વભાવના હતા.

### સિનિયરના ત્રાસની શંકાના આધારે બીજી વખત પીએમ કરવામાં આવ્યું

ડો. હર્ષ પંડ્યાના આપઘાત મામલે તેમના સાથીમિત્રો દ્વારા સિનિયર તબીબના ત્રાસ અંગેની વાત કરવામાં આવતાં પરિવારજનોને શંકા ઉપજી હતી. જેના પગલે મૃતદેહનું ફરીથી ઇન્કવેસ્ટ કરવામાં આવ્યું હતું. આ બાદ ડો. હર્ષ પંડ્યાના મૃતદેહનું ફોરેન્સિક વિભાગના તબીબો દ્વારા પેનલ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. અગાઉ મૃતદેહનું પોસ્ટમોર્ટમ મેડિકલ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. હાલ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ડો. હર્ષને ડિપાર્ટમેન્ટલ તણાવ હતો અને સિનિયર તબીબો દ્વારા તેમને ત્રાસ આપવામાં આવતો હોવાની ચર્ચા ચાલી રહી છે. જોકે, આ અંગે સત્તાવાર રીતે કોઈ પુષ્ટિ થઈ નથી. પોલીસ અને તપાસ કમિટી દ્વારા રેગિંગ, હેરાનગતિ તેમજ ડિપાર્ટમેન્ટમાં કોઈ પ્રકારનો તણાવ હતો કે કેમ તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

## પરંપરાગત વાજિંત્રોના તાલે આદિવાસી દિનની ઉજવણી



■ સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ઘોષિત 9 ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિનની સુરત શહેર સમસ્ત આદિવાસી સમાજ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાથી વિવિધ આદિવાસી જ્ઞાતિ મંડળો અને એસોસિએશનો દ્વારા પરંપરાગત વેશભૂષા તથા કુદરતી વાજિંત્રો સાથે રેલી યોજાઈ હતી. કોકણી, પોડિયા, ચૌધરી, ગામીત, રાઠવા અને ભીલ સમાજના પરંપરાગત વાજિંત્રોના તાલથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ખાસ વાત એ રહી કે રેલીમાં ડીજેનો ઉપયોગ કર્યા વિના પરંપરાગત વાજિંત્રોને પ્રાધાન્ય આપ્યું હતું. રેલી દરમિયાન નવયુવાનોએ 'પર્યાવરણ બચાવો, આદિવાસી બચાવો'ના સંદેશ સાથે થીમ આધારિત નાટક રજૂ કરી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો. (તસવીર : સતીષ જાદવ)

# પલસાણાના એનામાં ધો.11ના વિદ્યાર્થીને વિદ્યાર્થીએ ચપ્પુ માર્યું

**બે** વિદ્યાર્થી વચ્ચે બોલાચાલી થતાં જીએસ હોવાથી સમજૂતી કરાવતા અદાવત રાખી હતી

**સરદાર** પટેલ સ્કૂલના ગેટ પર બોલાવી બે સગીર ભાઇએ હુમલો કરી દીધો

ક્લાસમાં અવાજ કરવા બાબતે થયેલી તકરારમાં બે સગીર ભાઈ હુમલો કરી ફરાર

પલસાણાના એના ગામે સ્કૂલ બહાર વિદ્યાર્થી પર ચપ્પુ વડે હુમલો

પલસાણાઃ સુરતના પલસાણા તાલુકાના એના ગામમાં આવેલી સરદાર પટેલ વિદ્યાલયની બહાર ધોરણ ૧૧માં અભ્યાસ કરતાં અને સ્કૂલના જી.એસ. પર હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે. ક્લાસમાં અવાજ કરવા બાબતે થયેલી તકરારનું સમાધાન કરવા ગયેલા વિદ્યાર્થીને બે સગીર ભાઈએ ચપ્પુના ઘા ઝીંકી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પલસાણા પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, એના ગામના શિવાલિક બંગ્લોઝમાં રહેતા જાગૃતિબેન જોશીનો પુત્ર ઋષિકુમાર એના સરદાર પટેલ વિદ્યાલયમાં ધોરણ ૧૧ કોમર્સમાં અભ્યાસ કરે છે. ગત તારીખ ૬ ઓગસ્ટના રોજ ક્લાસમાં અવાજ કરવા બાબતે બે વિદ્યાર્થીઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. ઋષિકુમાર સ્કૂલનો જી.એસ. હોવાથી તેણે આ મામલે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ તારીખ ૮ ઓગસ્ટના રોજ સ્કૂલમાં વાલી મીટિંગ પૂર્ણ થયા પછી એક વિદ્યાર્થી અને તેનો ભાઈ એક્ટિવા પર આવ્યા હતા અને ઋષિકુમારને સ્કૂલના ગેટ બહાર બોલાવ્યો હતો.

ગેટ બહાર બંને સગીર ભાઈએ ઋષિકુમાર સાથે ગાળાગાળી શરૂ કરી હતી. ઋષિકુમારે તેમને શાંતિથી વાત કરવાનું કહેતા બંનેએ તેને ધક્કો માર્યો હતો. બચાવમાં ઋષિકુમારે ધક્કો મારતા ઉશ્કેરાયેલા એક સગીરે પોતાના પગ પાસે છુપાવેલું ચપ્પુ કાઢીને ઋષિકુમાર પર હુમલો કર્યો હતો. ઋષિકુમારે બચવા માટે પોતાનો

...અનુસંધાન પાના 5 પર

# હેલ્મેટ અને રેઈનકોટ સાથે તણાયેલા યુવાનનો મૃતદેહ મળ્યો

**ભેસ્તાનનો** યુવાન એક મહિના પહેલાં આવેલા ખાડીપૂરમાં તણાયો હતો

**સોસાયટીના** બાળકો લાકડા કાપવા જતાં મૃતદેહના પગ દેખાયા

સુરતઃ શહેરમાં એક માસ અગાઉ પડેલા ધોધમાર વરસાદ અને ખાડી ઓવરફ્લોના કારણે સર્જાયેલા પૂરના પાણીમાં તણાઈ ગયેલા 40 વર્ષીય ડિકમ્પોઝ હાલતમાં યુવાનનો મૃતદેહ એક માસ બાદ મળી આવ્યો હતો. શનિવારે સાંજે ઉનગામ વિસ્તારમાં ખાડીની ઝાડી-ઝાંખરામાં કાદવ-કિચડમાંથી મૃતદેહ મળી આવ્યો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની 40 વર્ષીય જીયાદ અહેમદ ઉર્ફે પપ્પુ અનવર અહેમદ શાહ હાલમાં ભેસ્તાનના ઉનગામ વિસ્તારમાં માહિરા પાર્ક પાછળ આવેલી સ્ટોન વિલા સોસાયટીમાં ચાર સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા. તે ઇન્ટિરિયર ડેકોરેશનના કામમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરતા હતા. ગત તા.7 જુલાઈના રોજ સાંજે ભટાર ખાતેની નોકરી પૂર્ણ કરી મોપેડ પર ઘરે આવવા નીકળ્યા હતા. જીયાદ અહેમદ પાંડેસરાના દક્ષેશ્વર મંદિર પાસે પેટ્રોલ પંપ નજીક પહોંચ્યા ત્યારે ભારે વરસાદના કારણે રસ્તા પર ખાડી પૂરનું પાણી ફરી વળ્યું હતું. પાણીનો પ્રવાહ વધુ હોવાથી તેઓ મોપેડ લઈને આગળ જઈ શક્યા નહોતા.

...અનુસંધાન પાના 5 પર

# મિલેનિયમ-3 માર્કેટને ચાલુ બાંધકામે ફાયર સેફ્ટી અને પાર્શિયલ BU સર્ટિ. અપાતા વિવાદ

**ફાયર એક્ઝિટ રૂટના 65% વિસ્તારમાં 8 મીટરનો અવરોધમુક્ત માર્ગ ન હોવાના ગંભીર આક્ષેપ સાથે ફરિયાદ**



સુરતઃ
આંજણા વિસ્તારમાં નિર્માણાધીન મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટ-3ના કિસ્સામાં ફાયર સેફ્ટી અને બિલ્ડિંગ યુઝ સર્ટિફિકેટ(બીયુસી)ની પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આંજણા ટી.પી. સ્કીમ નં.7ના ફાઈનલ પ્લોટ નં.120+121+122 પર આ પ્રોજેક્ટ બની રહ્યો છે. બાંધકામ હજી ચાલુ હોવા છતાં ફાયર વિભાગ તરફથી ફાયર સેફ્ટી સર્ટિફિકેટ અને પાર્શિયલ બીયુસી પણ આપી દીધું હોવાનો આક્ષેપ કરતી ગંભીર ફરિયાદ સામે આવી છે. નટવરભાઈ અરજણભાઈ પટેલે કરી છે. આ બાબતે તપાસ માગવામાં આવી છે.

ફરિયાદનો સૌથી ગંભીર મુદ્દો એ છે કે, ચીફ ફાયર ઓફિસર અને મ્યુનિ કમિશનરને કરેલી ફરિયાદમાં અરજદારે જણાવ્યું છે કે, મિલેનિયમ માર્કેટ-3નું બાંધકામ સ્થળ પર હજુ ચાલુ છે. ફાયર રૂટમાં બિલ્ડિંગ મટિરિયલ, પાલખ, કામચલાઉ માળખાં જેવા અવરોધો છે. નિયમ મુજબ જરૂરી 8 મીટરનો અવરોધમુક્ત ફાયર માર્ગ પ્રોજેક્ટના આશરે 65 ટકા વિસ્તારમાં ઉપલબ્ધ નથી. પરિણામે ફાયર બ્રિગેડના વાહનો, હાઈડ્રોલિક પ્લેટફોર્મ અને અન્ય ઇમરજન્સી સાધનોની અવરજવર અવરોધાય તેવી સ્થિતિ છે.

ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ રેગ્યુલેશન્સ-2023 મુજબ બાંધકામ શરૂ કરવા માટે ફાયર સેફ્ટી પ્લાન મંજૂર કરાવવો જરૂરી છે. બાંધકામ પૂર્ણ થયા બાદ ફાયર પ્રોટેક્શન વ્યવસ્થાઓ મંજૂર ફાયર સેફ્ટી પ્લાન મુજબ છે કે નહીં તે પ્રમાણિત કરવાનું હોય છે. નિયમ 5.4 મુજબ સેફ્ટી સર્ટિફિકેટ આપતાં પહેલાં સંબંધિત ફાયર અધિકારી જરૂરી તપાસ કરી વ્યવસ્થા સંતોષકારક હોય ત્યારે જ ફાયર સેફ્ટી સર્ટિફિકેટ આપવાની જોગવાઈ છે. બીજું કે, નિયમ 15.1.4 મુજબ તમામ ફાયર એક્સેસ અવરોધમુક્ત અને વાહન પસાર થઈ શકે તેવી સ્થિતિમાં હોવો જોઈએ. એટલું જ નહીં બિલ્ડીંગ પાસે ફાયર એન્જિનનું વજન સહન કરી શકે તેવી કઠણ સરફેસ હોવી પણ જરૂરી છે.

આ ઉપરાંત આ માર્કેટને 30મીટરથી ઊંચાઈની કમર્શિયલ બિલ્ડિંગના કડક નિયમ પણ લાગુ પડે છે. એટલે આવી ઊંચી ઇમારતો માટે ફાયર સેફ્ટી એક્ઝિક્યુટિવ પણ ફરજ હોવાની જોગવાઈ છે.

આ માર્કેટને પાર્શિયલ બીયુસી પણ અપાયુ છે. એટલે, તપાસનો સૌથી મહત્ત્વનો દસ્તાવેજ તે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ આપતા પહેલાં થયેલા ફાયર બ્રિગેડની સાઈટ વિઝિટનો અહેવાલ અત્યંત સૂચક બની શકે છે.

આ ફરિયાદ મુખ્યમંત્રી, તેમજ સુરત કલેક્ટર, ફાયર સર્વિસિસના ડિરેક્ટર, વિજિલન્સ, લોકાયુક્તને પણ કરવામાં આવી છે.

**સાઇટ ઉપર બાંધકામ સામગ્રી, પાલખ બાંધેલી હોવા છતાં કયા આધારે અને કોણે સર્ટિફિકેટ આપ્યા તેની તપાસ માગતી ફરિયાદ પાલિકાથી મુખ્યમંત્રી સુધી કરાઈ**

### ઇન્સપેક્શનની વિગતો જાહેર કરવા માગ

15 જૂન, 2026ના રોજ કરાયેલી ફરિયાદમાં સ્થળની તાત્કાલિક રૂબરૂ તપાસ કરીને વાસ્તવિક સ્થિતિનો વિગતવાર અહેવાલ તૈયાર કરવાની માગ કરવામાં આવી છે. સાથે ફાયર રૂટમાં રહેલા તમામ અવરોધોનું પંચનામું તથા ફોટોગ્રાફિક પુરાવા સાથે રેકોર્ડિંગ કરવા અને ફાયર NOC કયા આધારે, કયા અધિકારી દ્વારા તથા કઈ તારીખે આપવામાં આવ્યો તેની તપાસ કરી વિગતો જાહેર કરવાની માગ કરાઈ છે. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી મંજૂરીઓ સ્થગિત કરવાની અને નિયમભંગ સાબિત થાય તો બંને મંજૂરી રદ કરી જવાબદાર અધિકારીઓ, વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહીની પણ માગ કરાઈ છે.

### RERA પણ પ્રોજેક્ટ હજુ અધૂરો દર્શાવે છે

આ માર્કેટ અંગે RERAની જાહેર માહિતી મુજબ પ્રોજેક્ટ 31 ડિસેમ્બર 2027 સુધીમાં પૂરો કરવાનું દર્શાવાયુ છે. આ જાહેર માહિતીમાં એપ્રિલ 2026 સુધીમાં 44.12 ટકા બાંધકામ થયું હોવાનું દર્શાવ્યુ છે. એટલે, પ્રોજેક્ટ અધૂરો છે તે નક્કી છે. તો પાર્શિયલ BUC કયા પૂર્ણ થયેલા ભાગના ઉપયોગ માટે અપાયુ અને તે માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ જેવી તમામ જરૂરી શરતો પૂરી કરી હતી કે નહીં તેવા ગંભીર મુદ્દા ઉપસ્થિત થયા છે.

# વિયેતનામમાં હીરાની દાણચોરીના કેસમાં સુરતના વેપારી સામે કોર્ટમાં ટ્રાયલ

**પાંચ** વખત વિયેતનામમાં હીરા લઈ જવાનો આરોપ

**તાન** સોન ન્હાટ એરપોર્ટ પરથી 715 હીરા ઝડપાયા હતા

**આરોપમાં** સુરતના મહિધરપુરા સ્થિત કંપનીનું પણ નામ



સુરતઃ વિયેતનામમાં પાંચ વખત હીરાની દાણચોરી કરીને લઈ જવાના આરોપમાં સુરતના વતની એવા ભારતીય નાગરિક શૈલેષકુમાર હરેશભાઈ પ્રજાપતિની ધરપકડ કરવામાં આવી છે. વિયેતનામમાં 1,477 હીરાની દાણચોરીના આરોપમાં સુરતના હીરા વેપારી શૈલેષકુમાર હરેશભાઈ પ્રજાપતિ પાંચ વખત વિયેતનામમાં હીરા લઈ જવાનો આરોપ છે. તાન સોન ન્હાટ એરપોર્ટ પરથી 715 હીરા ઝડપાયા, લાંચ અને છેતરપિંડીના આરોપો અંગે કેસ દાખલ કરવામાં આવ્યો છે. અને પ્રજાપતિ સામે HCM સિટીમાં ટ્રાયલ, આરોપમાં સુરતના મહિધરપુરા સ્થિત કંપનીનું પણ નામ ખુલ્યું છે.

વિયેતનામી ફરિયાદ પક્ષના જણાવ્યા મુજબ ઓગસ્ટ 2023થી ઓક્ટોબર 2024 દરમિયાન પ્રજાપતિ પાંચ વખત વિયેતનામ ગયા હતા અને કુલ 1,477 હીરા કસ્ટમ્સમાં જાહેર કર્યા વગર લઈ ગયા હોવાનો

...અનુસંધાન પાના 5 પર

# રાજ્યમાં પહેલી વખત એક સાથે બે બ્રેઈનડેડ યુવકનું અંગદાન

**ચીખલી** અને સિસોદ્રાના રહેવાસીના અંગદાનથી 6ને નવજીવન



સુરત, નવસારીઃ ગુજરાતમાં સૌપ્રથમવાર બે અલગ-અલગ ઓપરેશન થિયેટરમાં એકસાથે બે બ્રેઈનડેડ દર્દીઓના અંગદાનની સફળ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બંને અંગદાતાઓના પરિવારજનોએ ભારે દુઃખની ઘડીમાં સ્વજનના અંગદાન માટે સંમતિ આપતાં કુલ છ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન આપ્યું હતું. નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. પારૂલ વડગામાના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલનું 97મું અને 98મું અંગદાન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. બંને અંગદાતાઓ નવસારી જિલ્લામાં રહેતા હતા.

મળેલી માહિતી મુજબ, નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના સિસોદ્રા ગામના ગોરત ફળિયામાં રહેતા 50 વર્ષીય કાળુભાઈ ચીમનભાઈ હળપતિ શુક્રવારના રોજ ઈકો ગાડીમાં પાછળ બેસીને જતા સમયે અકસ્માતમાં તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી. પ્રાથમિક સારવાર બાદ તેમને સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સુરત સિવિલ હોસ્પિટલના આઈ.સી.યુ.માં સારવાર દરમિયાન શનિવારે રાત્રે તબીબોએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. પરિવારજનોએ સ્વજનના અંગદાન માટે સંમતિ આપતાં કાળુભાઈનું લીવર અને બંને કિડની દાન કરવામાં આવ્યા હતા. આ અંગો પ્રત્યારોપણ માટે IKDRC હોસ્પિટલ, અમદાવાદ ખાતે મોકલવામાં આવ્યા છે.

બીજા અંગદાતા, મૂળ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના રતનપુર બગઈ ખુર્દના વતની અને ચીખલીમાં રહેતા 23 વર્ષીય રિંકુભાઈ કમલાશંકર ભારતીય માળીનું કામ કરતા હતા. તા. ૫ ઓગસ્ટે ચીખલીના આલીપુર માર્કેટ પાસે અકસ્માતમાં ગંભીર ઈજા થતાં તેમને પ્રથમ ચીખલી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ નવસારીની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. વધુ સારવાર માટે તા.7 ઓગસ્ટની રાત્રે તેમને સુરત નવી સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. આઈ.સી.યુ.માં સારવાર દરમિયાન શનિવારે રાત્રે તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. રિંકુભાઈના પરિવારજનોએ અંગદાન માટે સંમતિ આપી હતી.

તેમની એક કિડની કિરણ હોસ્પિટલ, સુરત, જ્યારે લીવર અને બીજી કિડની IKDRC હોસ્પિટલ, અમદાવાદ ખાતે પ્રત્યારોપણ માટે મોકલવામાં આવી હતી. બંને દર્દીઓને આર.એમ.ઓ. ડો. કેતન નાયક, ડો. નિલેશ કાછડીયા, ન્યુરોલોજિસ્ટ ડો. હરેશ પારેખ અને ન્યુરોસર્જન ડો. કેયુર પ્રજાપતિ દ્વારા બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા

...અનુસંધાન પાના 5 પર

## પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ



**સ્વ. અમૃતભાઈ છીમકાભાઈ પટેલ (છબુભાઈ)**

જન્મ તારીખ: ૧૦/૦૮/૧૯૫૯ - સ્વ. તારીખ: ૧૬/૦૭/૨૦૨૬ - અષાઢ સુદ બીજ ગુરૂવાર

એક તારીખ.... બે લાગણીઓ.... એક અમૂલ્ય યાદ - પપ્પા

આજે આપનો જન્મદિવસ છે, અને સાથે જ આપની પ્રથમ માસિક પુણ્યતિથિ પણ એક તરફ આપના જન્મની ખુશીની યાદ,તો બીજી તરફ આપના વિયોગનું દુઃખ આપભલે અમારી નજરોથી દૂર છો,પણ આપની યાદો, આપનો પ્રેમ અને આપની વાતો હંમેશા અમારી સાથે રહેશે. જન્મદિવસની હાર્દિક સ્મૃતિ સાથે પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે.

લિ.

ગં.સ્વ. ઈન્દુબેન અમૃતભાઈ પટેલ
વિશાલભાઈ અમૃતભાઈ પટેલ (પુત્ર) યોગિનીબેન વિશાલભાઈ પટેલ (પુત્રવધુ)
ઉંમગભાઈ અમૃતભાઈ પટેલ (પુત્ર) હેતલબેન ઉંમગભાઈ પટેલ (પુત્રવધુ)
વિનયભાઈ જંયતિભાઈ પટેલ (જમાઈ) ફાલ્ગુનીબેન વિનયભાઈ પટેલ (દિકરી)
જય શ્રી કૃષ્ણ દાદા
દેવ, હેત, સિદ્ધિ, ટીશા, આરાધ્યા, અને અયાન

## સાતમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. રમાબેન ગુલીયાભાઈ ગામીત**
સ્વ. તા. ૧૦/૦૮/૨૦૧૯

ચંદન સમુ જીવન જીવી સુખ સહુને દઈ ગયા. ખુદ ઘસાઈને અમો કાજે સૌરભ થઈ પ્રસરી ગયા. દુઃખને દેખાડયું નહીં સુખને છલકાવ્યું નહિ. આપનો સદા હસમુખો ચહેરો, સાદગી અને માયાળુ સ્વભાવ કદી ભુલાશે નહિ. હૃદયમાંથી આપની સ્મૃતિ ક્ષણવાર પણ વિસરાતી નથી. પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અમારા સૌની અંતઃકરણપૂર્વક સહૃદય પ્રાર્થના.

લિ.

ગુલીયાભાઈ ગનાભાઈ ગામીત

| | |
|---|---|
| સંજના એન. ગામીત | નૈતિક એલ. ગામીત |
| ભાવના એન. ગામીત | નીલેશ જી. ગામીત |
| બીના આર. ગામીત | રાજેશ આર. ગામીત |
| હીના એમ. ગામીત | મયૂર એલ. ગામીત |
| કલ્પના એ. ગામીત | અલ્પેશ આર. ગામીત |

ક્રિતન-હર્નિષ, ધન્વી, જશ, હેત્વી, રચિત, શુભમ અને હર્ષિત તથા કુટુંબ પરિવાર

## લેઉઆ પાટીદાર અવસાન (સારોલી ગામ)



**સ્વ. સવિતાબેન માધવભાઈ પટેલ**
સ્વ.તા.૦૭/૦૮/૨૦૨૬

અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની / અમારા પૂજ્ય માતૃશ્રી **સવિતાબેન માધવભાઈ પટેલ** નું દુઃખદ અવસાન તા.૦૭/૦૮/૨૦૨૬, શુક્રવારના રોજ થયેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્ગતની સંયુક્ત પ્રાર્થનાસભા તા.૧૩/૦૮/૨૦૨૬, ગુરૂવારના રોજ બપોરે ૩:૦૦ કલાકે લેઉઆ પાટીદાર સમાજની વાડી, સારોલી ગામ મુકામે રાખેલ છે. (લૌકિક રિવાજ સદંતર બંધ છે)

:: પિયર પક્ષ ::
સ્વ.દયારામભાઈ દુલ્લભભાઈ
છાણાભાઈ પટેલ
ધર્મેશભાઈ દયારામભાઈ પટેલ
ગામ : વિહાણ,
તા. કામરેજ, જી. સુરત

લિ.
માધવભાઈ છીતાભાઈ પટેલ (પતિ)
ભરતભાઈ માધવભાઈ પટેલ (પુત્ર)
ઉર્મીલાબેન ભરતભાઈ પટેલ (પુત્રવધુ)
રાજુભાઈ માધવભાઈ પટેલ (પુત્ર)
જયમતીબેન રાજુભાઈ પટેલ (પુત્રવધુ)
રેખાબેન રંગીલભાઈ પટેલ (પુત્રી)
રંગીલભાઈ હરીભાઈ પટેલ (જમાઈ)
બાબુભાઈ ભુલાભાઈ પટેલ (ભત્રીજા)
મનોજભાઈ જેઠાભાઈ પટેલ (ભત્રીજા)
સંજયભાઈ જેઠાભાઈ પટેલ (ભત્રીજા)
તથા સમસ્ત પરિવાર

નિવાસસ્થાન : પટેલ ફળીયું, સારોલી ગામ, સુરત.

## છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. રજનીકાંત હરિલાલ શાહ**
સ્વ. તા. ૧૦-૮-૨૦૨૦

આપનો પ્રખર પુરૂષાર્થ સ્વભાવ, કૌટુંબિક એકતાની ભાવના, કર્તવ્યનિષ્ઠા અને પ્રગતિના સોપાન માટેના શુભાશિષ હમોને સંપૂર્ણ શકિતપ્રદાન કરી રહ્યા છે. પ્રભુ આપના પુનિત પાવનકારી કર્મનિષ્ઠ પવિત્ર આત્માને અંતઃકરણપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી વંદન કરીએ છીએ.

લિ.

ગં.સ્વ. પ્રીતીબેન રજનીકાંત શાહ

| | |
|---|---|
| કનુભાઈ હરિલાલ શાહ | હર્ષદભાઈ હરિલાલ શાહ |
| મિતુલ રજનીકાંત શાહ | મૈત્રી મિતુલ શાહ |
| સંકેત રજનીકાંત શાહ | વીપ્રા સંકેત શાહ |
| સમીરકુમાર પી. શાહ | કરીશ્મા એસ. શાહ |

દીતી – દીવિત – નીમય – સનય

Shreeji AUTOMART સમસ્ત શ્રીજી પરીવાર